# સરકારી તંત્રની ઘોર લાપરવાહીથી આજદિન સુધી ગ્રામજનો પાયાની સુવિધાઓથી વંચિત

બાયડ, હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રખાપુર-ઈસરી- સરકીલીમડીને જોડતો માર્ગ ખખડધજ અને બિસ્માર હાલતમાં હોવાથી સ્થાનિક ગ્રામીણ વિસ્તારના લોકો સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે વિદ્યાર્થી વર્ગ પણ રોજબરોજ અપડાઉન કરતા હોવાથી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે તેમજ આ વિસ્તારમાં માર્ગ બાબતે જાગૃત નાગરિકો દ્વારા અનેકવાર વારંવાર રજૂઆતો કરવા છતાં સ્થાનિક સ્તરથી શાસક કક્ષા સુધી ઓરમાયું વર્તન કરતા હોવાનું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે ત્યારે સરકારી તંત્ર દ્વારા સત્વરે આ વિસ્તારના માર્ગોને યુદ્ધના ધોરણે વ્યવસ્થિત કરવામાં આવી એવી પ્રજા ખેવના સેવી રહી છે

- **અરવલ્લી જિલ્લાના રખાપુર - ઈસરી - શામળાજીને જોડતો માર્ગ બિસ્માર હાલતમાં સ્થાનિકો સહીત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના ગ્રામજનો ત્રાહિમામ્**
- **સરકી લીમડીથી રખાપુરને જોડતા નવીન માર્ગમાં સંતોષકારક કામ નથી થતું હોવાનો ગંભીર આક્ષેપ :**
- **સત્વરે આ વિસ્તારના માર્ગો ને યુદ્ધના ધોરણે વ્યવસ્થિત કરવામાં આવે એવી પ્રજા ખેવના સેવી રહી છે**

સરકીલીમડી થી રખાપુર ને જોડતા નવીન માર્ગમાં વહીવટી તંત્ર દ્વારા સંતોષકારક કામગીરી થતી ન હોવાથી લોકોમાં ભારે રોષ ભભૂકી રહ્યો છે બિસ્માર અને ખખડધજ રોડને પગલે મોટી સંખ્યામાં અવરજવર કરતાં વાહનચાલકો ને કમરના અને હાડકાના ગંભીર બિમારીઓમાં સપડાવાનો વારો આવ્યો છે વળી, આ માર્ગો ઉપર નોકરિયાત વર્ગ, વેપારી વર્ગ અને

આઝાદીના સાત દાયકા બાદ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વિકાસ વેગવંતો બનાવ્યો છે પરંતુ અરવલ્લી જિલ્લાના મેઘરજ ભિલોડા તાલુકાના રખાપુર , પટેલ છાપરા, કુડોલ, સરકીલીમડી જેવા અને ગ્રામ્ય વિસ્તારના રસ્તા સાવ બિસ્માર હાલતમાં જૈસે થે જ હાલતમાં જોવા મળી રહ્યા છે સ્થાનિક કક્ષાએથી ઉચ્ચ કક્ષા સુધી વારંવાર રજૂઆતો કર્યા બાદ કાને બહેરા અને આંખે આંધળા વહીવટી તંત્ર દ્વારા બે પાંચ વર્ષે રસ્તાના નવીનીકરણ માટે કરોડો રૂપિયાના કોથળા આ ગ્રાન્ટ સ્વરૂપે ઠલવાય છે પરંતુ તંત્રના જાડી ચામડીના ઈજનેરોના અણઘડ વહીવટના પગલે આ વિસ્તારમાં માર્ગોમાં ગુણવત્તા યુક્ત કામ થતું ન હોવાને લીધે એક જ વર્ષમાં રોડ ઉપર માટીનું અસ્તિત્વ પ્રભુત્વ જમાવી દે છે પ્રસ્તુત તસવીરના દ્રશ્ય પરથી એ વાસ્તવિકતા છતી થાય છે કે આ વિસ્તારોમાં માર્ગ-મકાન વિભાગના જવાબદાર અધિકારીઓની ખરેખર મલાઈ જ મલાઈ છે ! આ વિસ્તારના લોકોને જિલ્લા મથક મોડાસા અથવા સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી સુધી ની સફર કરવામાં પહોંચવામાં સ્વાસ્થ્ય અને સાધનના આયુષ્યને પારાવાર દુઃખ વેઠવું પડે છે અહીં આ વિસ્તારમાં નોકરીયાત વેપારી અને વિદ્યાર્થી વર્ગ રોજ-બરોજના અપડાઉન આવા માર્ગો પર કરતા હોવાથી ૭૦% કમરના હાડકા ની બીમારીઓનો ભોગ બનતા હોય છે તાજેતરમાં સરકીલીમડી કાંટાળું ને જોડતા માર્ગમાં પણ સંતોષકારક કામ ન થતું હોવાનું જાહેર જનતાનો ગંભીર આક્ષેપ છે આ વિસ્તારમાં માર્ગ બાબતે જાગૃત નાગરિકોની રજૂઆતો છતાં સ્થાનિક સ્તરેથી શાસક કક્ષા સુધી ઓરમાયું વર્તન



કરતા હોવાનું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે પ્રજાના કાળી મજૂરી ના વેરાના પૈસાથી પ્રજા માટે વાપરવાના પૈસા આ વિસ્તારમાં ચાઉં કરનારા અધિકારીઓને કોઈનો ડર નથી ! એ રસ્તાની દુર્દશા બતાવતી તસવીર સાબિત કરે છે આ વિસ્તારમાં ઈજનેરો દ્વારા જો હલકી ગુણવત્તાવાળા કામ બાબતે જો સચોટ કામ નહિ કરાય તો આગામી સમયમાં જનતાનો મૂડ અને જવાબ કેમ પારખવો એ ભારે થઈ પડે તો નવાઈ નહીં ! સત્વરે આ વિસ્તારના માર્ગો અને યુદ્ધના ધોરણે વ્યવસ્થિત કરવામાં આવી એવી પ્રજા ખેવના સેવી રહી છે.

# સર પી.ટી.સાયન્સ કોલેજ મોડાસામાં વિશ્વ મહિલા દિવસની શાનદાર ઉજવણી







## વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર મહિલાઓનું સન્માન

મોડાસા, તા. ૮

મ. લા. ગાંધી. ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, સાયન્સ કોલેજ વુમન ડેવલપમેન્ટ ક્લબ, રોટરી કલબ, હિંમતનગર, લાયન શક્તિ, રેડક્રોસ સોસાયટી દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી તથા વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર મહિલાઓનું સન્માનવાનો કાર્યક્રમ સર પી.ટી.સાયન્સ કોલેજ મોડાસા યોજવામાં આવ્યો હતો

આ પ્રસંગે ‘ઈસરો દ્વારા પસંદગી પામેલ ચંદ્રયાન - ૨ ના લોન્ચિંગમાં ઉપસ્થિત રહેનાર કુ. તૃષા પટેલ’ થેલેસીમિયા મેજર પેશન્ટ અને એજ્યુકેશનલ ટ્રેનર કુ. મોહસીના દાદુ અને દિવ્યાંગ બાળકો માટે સેવા કરનાર સુભદ્રાબેન તથા સર પી. ટી. સાયન્સ કોલેજની વિદ્યાર્થીની ‘માહીનૂર ચૌહાણ જેને S.S.I.P પ્રોજેકટ અંતર્ગત હેન્ડીક્રાફટ પ્રોજેકટમાં પસંદગી પામતાં ૨૦ હજારનો ચેક સર પી.ટી.સાયન્સ કોલેજના પ્રભારી મંત્રી સુરેન્દ્રભાઈ જે. શાહના વરદ હસ્તે ચેક અને અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાયન્સ કોલેજના પ્રિ. ડો. કે.પી.પટેલ રોટરી કલબ, હિંમતનગરના પ્રમુખ સંજયભાઈ વેદિયા, ડો. વેકરીયા પ્રો.વંદનાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા

આ પ્રસંગે મુખ્ય વકતા તરીકે મોડાસા લાયન શક્તિ ના પ્રમુખ ડો. દિપ્તીબેન ઉપાધ્યાય યોગ - આયુર્વેદ તથા નુંટ્રેશન તથા અગમ ફાઉન્ડેશનના પ્રમુખ હેતલબેન પંડ્યાએ શિક્ષણ બનવે સ્ત્રીને સશકત એ વિષય ઉપર સુંદર માર્ગદર્શન ઉપસ્થિત મહિલાઓ અને વિદ્યાર્થીઓને આપ્યું હતું સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કો-ઓર્ડિનેટર ચંદન પટેલ અને પ્રો. ક્રિષ્ણાબેન પટેલે કર્યું હતું આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉત્તર ગુજરાતના પાંચ લાખ છાત્રોની નિદાન કસોટીનું આયોજન

## કાળઝાળ ગરમીમાં પ્રા. શિક્ષકો - છાત્રોની અગ્નિપરીક્ષા

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૮

ઉત્તર ગુજરાતની ૯૦૦ સરકારી પ્રા. શાળામાં ધોરણ-૬ થી ૮ ધોરણમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયું છે. આવનારા દિવસોમાં તમામ ધોરણોમાં શાળા શૈક્ષણિક કાર્ય શરૂ થવાની ધારણા છે ત્યારે પ્રથમ સત્રમાં જે ઓનલાઈન - કોમલર્નીંગ શિક્ષણ આપવામાં આવ્યું હતું તેના આધારે તા. ૧૫ થી ૨૨ માર્ચ દરમિયાન સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા જિલ્લાના ધો-૩ થી ૮મા અભ્યાસ કરતા ૫ લાખથી વધુ છાત્રોની એકમ કસોટીનું આયોજન થયું છે. કાળઝાળ ગરમીનો ફૂફાડો જોવા મળે છે તે સંજોગોમાં સંભવિત ૪૦ ડિગ્રી તાપમાનમાં પ્રા. શિક્ષકો-છાત્રોની અગ્નિ પરીક્ષા જેવી સ્થિતિ નિર્માણ પામી છે.



રાજયના પ્રા. શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ધોરણ-૩થી ૮માં અભ્યાસ કરતા છાત્રો માટે પ્રથમ સત્રમાં કરેલા અભ્યાસનું મૂલ્યાંકન માટે નિદાન કસોટીનું આયોજન થયું છે. અત્યારે ધોરણ-૬ થી ૮માં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય ધમધમ્યું છે. શરૂઆતમાં કોરોનાના ડરથી ઓછા વિદ્યાર્થી સંખ્યા હતી પરંતુ વાલી-વિદ્યારથી કોરોનાના ડરમાંથી બહાર આવતાં વિદ્યાર્થી સંખ્યા વધી છે. હાજરી મરજીયાત હોવા છતાં શહેરી-ગ્રામ્ય વિસ્તારની પ્રા. શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૭ ટકાથી વધુ હોવાથી શિક્ષકોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો છે. ધોરણ-૬ થી ૮ના વિદ્યાર્થી શાળામાં નિદાન કસોટી આપશે. જયારે ધોરણ-૩ થી ૫ના છાત્રો ઘરે બેસી નિદાન કસોટી આપે તે પ્રકારનું આયોજન કર્યુ છે. પરંતુ અત્યારે કાળઝાળ ગરમી સહિત અનેક વિષમ પરિબળો જોતાં શિક્ષણ વિભાગે નિદાન કસોટી સિવાયના પણ વિકલ્પો વિચારવા જોઈએ.

# મોડાસા : જાલીયાના જંગલમાં આગ ભભૂકતા વનરાજી ખાખ

મોડાસા, તા. ૮


અરવલ્લી જીલ્લા વનવિભાગ તંત્ર અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલમાં લાગતી રહસ્યમય આગ નું કારણ શોધવામાં તદન વામણું પુરવાર થતા વનવિભાગ તંત્ર નિષ્ફળ તંત્ર બની રહ્યું છે જીલ્લામાં ઉનાળાની ઋતુનું દબાતા પગે આગમન થઈ રહ્યું હોવાની સાથે અરવલ્લીની ગીરીમાળાઓમાં આગ લાગવાની ઘટનાઓનો પણ પ્રારંભ થઈ ચુક્યો છે મેઘરજના બેડઝ ગામના ડુંગર પર આગ લાગવાની ઘટના તાજી છે ત્યારે જાલીયા નજીક આવેલા જંગલમાં ભીષણ આગ લાગતા વનરાજી બળીને ખાખ થઈ ગઈ હતી ગામ તરફ પવનના કારણે આગ ગામ તરફ પ્રસરતા ગામલોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે ફાયર ફાયટર અને વનવિભાગ તંત્રએ આગ પર કાબુ મેળવવા ભારે પ્રયાસ હાથધર્યા હતા

**આગ ગામ તરફ પ્રસરતા લોકોમાં ફફડાટ, વનવિભાગ, ફાયર ફાયટર ઘટનાસ્થળે**

મોડાસા-શામળાજી રોડ પર બોલુન્દ્રા ગામ નજીક આવેલા જાલીયાના જંગલમાં સોમવારે બપોરે અચાનક આગ ભભુકી ઉઠતાં ધુમાડાના ગોટેગોટ નીકળતાં સ્થાનીકોમાં તેમજ વનવિભાગના કર્મીઓ આગ બુઝાવવા ઘટના સ્થળે દોળી પહોચ્યા હતા પરંતુ આગે વિક્રાળ સ્વરૂપ ધારણ કર્યુ હોવાથી જોતજોતામાં જંગલમાં રહેલી વનરાજી બળીને ખાખ થઈ ગઈ હતી પવનની ગતી ગામ તરફ હોવાથી આગ ગામ તરફ પ્રસરવાની દહેશત પેદા થતા લોકોમાં ચીંતાના વાદળ ઘેરાયા હતા ફાયર ફાયટર અને વનવિભાગ તંત્રએ જંગલમાં લાગેલી ભીષણ આગને કાબુમાં લેવા ભારે જનમહેનત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો પરંતુ આગ લાગવાનુ ચોક્કસ કારણ જાણવા મળ્યુ ન હતું.



# પ્રાંતિજના મજરા પાસે પોલીસ બસ અને પેટ્રોલની ટેન્કર વચ્ચે અકસ્માત




પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મજરા પાસે ઈડર ના મૂડેટી થી અમદાવાદ પોલીસ બંદોબસ્ત મા જતી પોલીસ બસ ને અકસ્માત નડયો તો બસ મા જઈ રહેલ સાતેય પોલીસ જવાનો નો આબાદ બચાવ થયો હતો .

**અકસ્માતમાં પોલીસ જવાનોનો આબાદ બચાવ : ઈડરના મૂડેટીથી અમદાવાદ બંદોબસ્તમાં જતી પોલીસ બસને નડયો અકસ્માત : અકસ્માત સર્જી ટેક્રર ચાલક ટેક્રર મૂકીને ભાગી ગયો**

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના મજરા સાબર કોલેજ પાસે રાત્રી ના સમયે ટેક્રર અને પોલીસ બસ વચ્ચે અકસ્માત થયો હતો જેમા સાબરકાંઠા જિલ્લાના ઈડર ના મૂડેટી થી અમદાવાદ પોલીસ બંદોબસ્ત મા જતી હતી તે દરમ્યાન પ્રાંતિજ ના મજરા પાસે ટેક્રર ચાલક ફુલ ફાસ્ટ ગફલતભરી રીતે બેદરકારી રીતે હંકારી લાવી પોલીસ બસ સાથે અકસ્માત સર્જી ને ટેક્રર ચાલક ટેક્રર મુકીને ભાગી ગયો હતો તો પોલીસ બસ મા સવાર સાત પોલીસ જવાનોનો આબાદ બચાવ થયો હતો તો અકસ્માત ની જાણ પ્રાંતિજ પોલીસને થતા તાત્કાલીક ધટના સ્થળે દોડી આવી આગળની કાર્યવાહી હાથધરી હતી.

# વાવની કેનાલમાં માસૂમ પુત્ર સાથે પિતાનો આપઘાત : તરવૈયાઓએ ૧૫ કલાકની જહેમત બાદ પિતાની લાશ બહાર કાઢી

ડીસા, તા. ૮

વાવ પંથકની કેનાલમાં એક પિતાએ ફૂલ જેવા પુત્ર સાથે કેનાલમાં ઝંપલાવી આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવતાં અરેરાટી સાથે ચકચાર મચી ગઈ છે. ગઈકાલે સાંજે અગમ્ય કારણોસર પિતાએ પોતાના પુત્ર સાથે કેનાલમાં ઝંપલાવ્યુ હતુ. જે બાદમાં સ્થાનિકોને જાણ થતાં મોટી સંખ્યામાં લોકોના ટોળાં કેનાલ પર એકત્ર થઈ ગયા હતા. આ તરફ થરાદ પાલિકાના તરવૈયાઓ દ્વારા ૧૫ કલાકની જહેમત બાદ પિતાનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. જોકે ૩ વર્ષના દીકરાની હજી પણ શોધખોળ ચાલુ હોવાનું સામે આવ્યુ છે.



બનાસકાંઠા જીલ્લાના વાવના દેવપુરા મેઈન કેનાલમાં પિતાએ ૩ વર્ષના દીકરા સાથે કેનાલમાં ઝંપલાવીને આત્મહત્યા કરી છે. થરાદ નગરપાલિકાના તરવૈયાઓએ ૧૫ કલાકની જહેમત બાદ પિતાના મૃતદેહને બહાર કાઢતાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ લઈ જવાયા છે. ત્યારે ૩ વર્ષના દીકરાની શોધખોળ ચાલી રહી છે. બાળકનો મૃતદેહ શોધવા તરવૈયા પ્રયત્ન કરી રહ્યા છે. જોકે પિતા-પુત્રએ કેમ આત્મહત્યા કરી? તે મામલે હજી સુધી કોઈ ચોક્કસ વિગતો સામે આવી નથી. પિતાએ પુત્ર સાથે આત્મહત્યા કરી લેતા પરિવારમાં શોકનો માહોલ વ્યાપી ગયો છે. ઘટનાને લઈ આત્મહત્યા પાછળના કારણ માટે વાવ પોલીસે તપાસ હાથ ધરી છે.

# દુકાનમાં નોકરી કરતો યુવક સગીરાને ભગાડી ગયો

## પાલનપુર તાલુકાના ગામડાનો બનાવ

પાલનપુર, તા. ૮

પાલનપુર તાલુકાના એક ગામે દુકાનમાં નોકરી કરતો યુવક સગીરાને ભગાડી ગયો હોવાની ઘટના સામે આવી છે. ગામમાં રહી કલરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતાં વ્યક્તિની સગીર દીકરી આજે સવારે એકાએક ગુમ થઈ ગઈ હતી. જોકે ગઈકાલે તેમની પુત્રી પાસેથી મોબાઈલ મળ્યો હોઈ અને તે મોબાઈલ તેમની દુકાનમાં નોકરી કરતાં ઈસમે આપ્યો હોવાનું સામે આવ્યુ હતુ. જે બાદમાં ઠપકો આપ્યાં બાદ આજે વહેલી સવારે તેમની દીકરી અને ઈસમ જોવા નહીં મળતાં પરિવારે શોધખોળ આદરી હતી. જે બાદમાં સગીરાના પિતાએ યુવક સામે પોક્સો સહિતની કલમ હેઠળ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાના એક ગામમાં મધ્યપ્રદેશનો પરિવાર કલરકામ કરી ગુજરાન ચલાવે છે. ગઈકાલે તેમની સગીર દીકરી પાસેથી મોબાઈલ મળ્યો હોઈ પુછપરછ કરતાં તેમની દુકાનમાં નોકરી કરતાં કીરણ મહેન્દ્રભાઈ કોળીએ આપ્યો હોવાનું કહેતાં ફરીયાદીએ ઠપકો આપ્યો હતો. જે બાદમાં આજે વહેલી સવારે ફરીયાદી કુદરતી હાજતે ગયા બાદ પરત આવતાં તેમની દીકરી જોવા મળી ન હતી. જે બાદમાં ફરીયાદીએ તેને ફોન કરતાં તેનો નંબર પણ બંધ આવતો હોઈ તેના ઘરે તપાસ કરતાં હાજર નહીં મળતાં ફરીયાદ નોંધાવી છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, દુકાનમાં નોકરી કરતો ઈસમ પોતાની સગીર દીકરીને જારકર્મ કરવાના ઈરાદે ભગાડી જતાં પરિવારજનોએ ભારે શોધખોળ કરી હતી. આ સાથે ઈસમના પિતાને પુછતાં તેમણે કહેલ કે, મારો પુત્ર આજે સવારે ૫ વાગ્યાથી ઘરે હાજર નથી. જે બાદમાં અન્ય સબંધીઓને ત્યાં પણ પુછપરછ કરતાં યુવક નહીં મળતાં તેની સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે. ઘટનાને લઈ પાલનપુર તાલુકા પોલીસે ઈસમ સામે આઈપીસી ૩૬૩, ૩૬૬ અને પોક્સો એક્ટની કલમ ૧૮ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહમણ સમાજ હિંમતનગર એકમ દ્વારા સન્માન સમારોહ

હિંમતનગર, તા. ૮

રવિવાર તા, ૭ માર્ચ ના રોજ હિમતનગર ખાતે ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહમણ સમાજ હિમતનગર એકમ દ્વારા બે બ્રહ્મ યુવા આગેવાનશ્રીઓ ની વિશેષ સિદ્ધિ બદલ સનમાન કાર્યક્રમનુ વિશેષ આયોજન કરવામા આવેલ. તાજેતરમાં નાગરિક સહકારી બેંક ની યોજાયેલ ચુંટણીમા વિજેતા થઈ ચેરમેન પદે નિયુકત થયેલ બ્રહ્મ યુવા અગ્રણી હિરેનભાઈ ગોરને ભવ્ય વિજય મેળવવા માટે તેમજ હિમતનગર નગરપાલિકાની યોજાયેલ ચુંટણીમા સતત ત્રીજી વખત વોર્ડ -૯ મા ભવ્ય વિજય મેળવવા બદલ વિમલભાઈ ઉપાધ્યાય ને હિમતનગર એકમ દ્વારા સન્માનિત કરવામા આવ્યા હતા. ઉપસ્થિત અગ્રણીઓએ બન્ને ઉત્સાહી યુવાઓને શુભકામનાઓ સહ અભિનંદન પાઠવ્યા હતા.



આ કાર્યક્રમમાં હિમતનગર એકમના પ્રમુખ જગદીશભાઈ પંડયા, મંત્રી જયેશભાઈ પંડયા, ભુતપુર્વ નગરપાલિકા કોર્પોરેટર શ્રી અમૃતભાઈ ઉપાધ્યાય, યુવા અગ્રણી ભરતભાઈ ઉપાધ્યાય, પ્રતિકભાઈ ત્રિવેદી, અતુલભાઈ ઉપાધ્યાય, મહિલા અગ્રણી શ્રીમતી અર્ચનાબેન ઉપાધ્યાય, નિતાબહેન ઉપાધ્યાય સહિત મોટી સંખ્યામા સમાજના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.



**પાંથાવાડા સીએસચી ખાતે વિશ્વ મહિલા દિવસની ઉજવણી**

૮ માર્ચે વિશ્વ મહિલા દિન તરીકે ઉજવણી કરવામાં આવે છે તેના ભાગરૂપે પાંથાવાડા સીએસચી ખાતે ફાલ્ગુનીબેન ત્રિવેદી દ્વારા કોરોનાના કપરા સમયમાં પણ પોતાની ફરજ નિષ્ઠાથી બજાવી સમાજ સેવામાં પુરૂષ સમોવડી બની કામ કરનાર જુદા જુદા વિભાગ જેમ કે તબીબ, નર્સ, વન સંરક્ષક,આશા વર્કરો, આંગણવાડી બહેનોનુ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતુ.